અપીલ અરજી નં.૩૯૫ તા.૮–૨–૧૦

અરજદારઃ– શ્રી હેમંત એન. દેસાઈ
સામાવાળાઃ– શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા.૭–૧–૧૦ ની અરજીથી રહેઠાણવાળા વિસ્તારમાં કારખાના ચાલુ કરી ન્યુસન્સ કરવામાં આવતુ હોય તે બાબતે તા.૧૯–૫–૦૯ ના રોજ ગુજરાત રાજય માનવ અધિકાર આયોગને અરજી કરવામાં આવેલ આ અરજી બાબતે રાજય માનવઅધિકાર આયોગ તરફથી તા.૧૯–૫–૦૯ની ફરીયાદ બાબતે સંપૂર્ણ સ્થળ તપાસ કરી રીપોર્ટ મોકલવા માટે સુ.મ.પા.ના કમિશ્નરને તા.૩૦–૬–૨૦૦૯ ના રોજ ક્રમાંક –એચઆરસી/ ૨૦૦૯ /**SCT**/૪૫/ લીગલ થી પત્ર રવાના કરવામાં આવેલ. આ પત્ર બાબતે સુ.મ.પા. ના કયા કયા વિભાગ તરફથી સ્થળ પર શું શું તપાસ કરવામાં આવી અને શું શું રીપોર્ટ રાજય માનવ અધિકારને મોકલવામાં આવ્યો તે તમામ રીપોટની નકલ ફાળવવી અને જે રીપોર્ટ રાજય માનવ અધિકારને મોકલવામાં આવ્યો છે જેની સાથે સુ.મ.પા. સહમત છે હા યા ના માં માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૮–૨–૧૦ ની અપીલ અરજી નં.૩૯૫/૨૦૦૯–૧૦

શ્રી હેમંત એન. દેસાઈની તા.૭–૧–૧૦ નીઅરજીથી રહેઠાણવાળા વિસ્તારમાં કારખાના ચાલુ કરી ન્યુસન્સ કરવામાં આવતુ હોય તે બાબતે તા.૧૯–૫–૦૯ ના રોજ ગુજરાત રાજય માનવ અધિકાર આયોગને અરજી કરવામાં આવેલ આ અરજી બાબતે રાજય માનવઅધિકાર આયોગ તરફથી તા.૧૯–૫–૦૯ ની ફરીયાદ બાબતે સંપૂર્ણ સ્થળ તપાસ કરી રીપોટ મોકલવા માટે સુ.મ.પા.ના કમિશ્નરને તા. ૩૦–૬–૨૦૦૯ ના રોજ ક્રમાંક–એચઆરસી/૨૦૦૯/SCT/૪૫/ લીગલ થી પત્ર રવાના કરવામાં આવેલ. આ પત્ર બાબતે સુ.મ.પા. ના કયા કયા વિભાગ તરફથી સ્થળ પર શું શું તપાસ કરવામાં આવી અને શું શું રીપોટ રાજય માનવ અધિકારને મોકલવામાં આવ્યો તે તમામ રીપોટની નકલ ફાળવવી અને જે રીપોર્ટ રાજય માનવ અધિકારને મોકલવામાં આવ્યો છે જેની સાથે સુ.મ.પા. સહમત છે હા યા ના માં માહિતી આપવા બાબત.નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૮–૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૯૯ તા.૧૫–૨–૧૦ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને એચઆરસીના પત્રની નકલ રજૂ કરવા માટે પત્ર પઠવવામાં આવેલ. જેના અનુસંધાનેઅરજદારે તા.૧૯–૨–૧૦ ના પત્રથી જણાવેલ છે કે રસીદ નં.૨૫૯૯૧૬ તા.૪–૨–૧૦ ના રોજ રૂા.૪/– જમાં કરવા છતાં નકલ ફાળવવામાં આવેલ નથી. જે અંગે અપીલ કરેલ છે અને તેની સાથે રજૂ કરી શકેલ નથી નકલ મળશે ત્યાર બાદ રજૂ કરીશ નકલ શા માટે મળેલ નથી તે બાબતે ન્યાય અપાવશો. તેવી રજૂઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ માહિતી મળેલ નથી. અરજદારની નકલ નહીં મળ્યા અંગેની રજૂઆત અપીલ તબકકે અલાયદી થયેલ છે. મુળ અરજીથી માંગેલ પૈકીની છે કે અન્ય તે પણ સ્પષ્ટ કરેલ નથી. જેથી આ અપીલ તબકકે તેટલા પૂરતું અપીલનું કારણ બને નહીં.

અરજદારની તા.૭–૧–૧૦ ની અરજીથી ઉપરોકત વિષય બાબતે માહિતી માંગતી અરજી કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સમય મર્યાદામાં માહિતી મળેલ નથી તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. જાહેર માહિતી અધિકારીને અરજદારે કરેલ અરજી બાબતે માહિતી પૂરી પાડેલ હોવાનું જણાતું નથી તેમજ માહિતી પૂરી પાડયા બાબતે બંને પક્ષકારો માંથી કોઈ પણ પક્ષકારે માહિતી રજૂ કરેલ નથી. પરંતુ અરજદારે અપીલ તબકકે જાહે ર માહિતી અધિકારી તરફથી નમુના 'ગ' જો નિયમ–૩(૨) મુજબ સેન્ટ્રલઝોન/આરટીઆઈ/૧૪૭૦ તા.૨૧–૨–૧૦ થી પત્ર મળેલ છે. જેમાં જણાવે છે કે પાનાની કુલ સંખ્યા ૨ કુલ રૂા.૪/– જમાં કરવા જણાવવામાં આવેલ. જે રકમ અરજદારે જણાવ્યા મુજબ સુરત મહાનગરપાલિકામાં રસીદ નં.૨૫૯૯૧૬ તા.૪–૨–૧૦ થી રૂા. ૪/– જમાં કરાવેલ છે છતાં નકલ ફાળવવામાં આવેલ નથી. તેવી રજૂઆત અરજદારે અપીલ તબકકે કરેલ છે અને જે બાબતે ન્યાય અપવવાની માંગણી કરેલ છે. જેમાં અત્રેથી અપીલ તબકકે અરજદારને પાઠવેલ પત્ર અંગે તા.૩૦–૬–૦૯ ના રોજ એચઆરસી/૨૦૦૯ SCT/૪૫ નકલ પણ નહીં મળ્યાની રજૂઆત કરેલ છે. અરજદાર પક્ષે ૧૯–૫–૦૯ ના રોજ માનવ અધિકાર આયોગને કરેલ ફરીયાદની નકલ પણ અરજી કે અપીલના તબકકે રજૂ થયેલ નથી. તેમ છતાં જાહેર માહિતી અધિકારી પક્ષે અરજદારની આરટીઆઈ હેઠળની અરજી પશ્ચાત માંગેલ માહિતી અંગે કોઈ જ પ્રત્યુત્તર પાઠવેલ જણાતો નથી કે માહિતીના ઈન્કાર માટે કલમ–૮,૯ કે ૧૧ હેઠળના કોઈ અપવાદ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૭–૧–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી અંગે બાબત હેઠળની હકીકતલક્ષી દફતરી ઉપલબ્ધ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન),..જાણ તથા અમલ માટે
(૨) શ્રી હેમંત એન. દેસાઈ